GJKT120012542018 આંક–૧૧૧

સમયગાળો:– વર્ષ માસ દિવસ
૭ ૪ ૧૨

(નમુનો:–અ)

| | | |
|---|---|---|
| **મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, નલીયા–કચ્છ** | | |
| (કે.આર.ગોહેલ)<br>અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,નલીયા–કચ્છ | | |
| ચુકાદાની તારીખ | : | ૦૧/૦૫/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | : | ૧૧૩૩/૨૦૧૮ |
| એફ.આઇ.આર.નં. | : | –– |
| ગુનો | : | **ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬, ૪૨૩,૪૬૭, ૪૬૮,૪૭૧ ,૪૭૨,૪૭૪, ૪૭૫, ૧૨૦–બી મુજબનો** |
| | | |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | કનૈયાલાલ ચત્રભુજ ઠકકર |
| વિધ્વાન વકીલશ્રી | : | શ્રી એ.એચ.લોધ્રા |
| આરોપી | : | (૧) કલાવંતી કરશનદાસ ઠકકર<br>(૨) સતીષ કરશનદાસ ઠકકર (એબેટ)<br>(૩) શંકરલાલ કરશનદાસ ઠકકર(એબેટ)<br>(૪) અતુલ વિનોદ ભીંડે<br>(૫) રવુભા શીવુભા જાડેજા<br>રહે. તમામ નલીયા,તા.અબડાસા |
| આરોપીના વિધ્વાન વકીલશ્રી | : | એલ.એલ.કટુઆ |

(નમુનો:–બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | તા.૨૦/૦૩/૨૦૧૨ |
| ફરીયાદની તારીખ | : | ૧૭/૧૦/૨૦૧૪ |
| ચાર્જશીટની તારીખ | : | –– |
| ચાર્જફ્રેમની તારીખ | : | તા.૦૬/૦૨/૨૦૨૩ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | તા.૦૬/૦૨/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | તા.૦૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | તા.૦૧/૦૫/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | તા.૦૧/૦૫/૨૦૨૬ |

આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસી રવાન / નિર્દોષ | સજા | સી.આર.પી.સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કલાવંતી કરશનદાસ ઠકકર | –– | –– | **ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૩,૪૬૭, ૪૬૮,૪૭૧ ,૪૭૨,૪૭૪, ૪૭૫, ૧૨૦–બી** | તકસી રવાન | ત્રણ વર્ષ | –– |
| ૨ | સતીષ કરશનદાસ ઠકકર | –– | –– | –"– | તકસી રવાન | ત્રણ વર્ષ | –– |
| ૩ | અતુલ વિનોદ ભીંડે | –– | –– | –"– | તકસી રવાન | ત્રણ વર્ષ | –– |
| ૪ | રવુભા શીવુભા જાડેજા | –– | –– | –"– | તકસી રવાન | ત્રણ વર્ષ | –– |

**<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ</u>**

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | બટુકસિંહ ભગતસિંહ જાડેજા | સાહેદ | ૨૨ |
| ૨ | ગઢવી મીનલબેન નારણ ભાઈ | સાહેદ | ૨૫ |
| ૩ | કનૈયાલાલ ચત્રભુજ ઠકકર | ફરીયાદી | ૪૧ |
| ૪ | વીરચંદભાઇ નથુભાઇ પટણી | પોલીસ કર્મચારી | ૬૪ |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

**<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:-</u>**

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | સને ૨૦૧૨ ના નોટરી રજીસ્ટરની નોંધ નં. ૧૦૦૫ થી ૧૦૨૬ સુધી નોંધાયેલ દસ્તાવેજોની વિગતોની ખરી નકલ |
| ૨ | ૨૪ | સને ૨૦૧૨ ના નોટરી રજીસ્ટર અનુક્રમ નં. ૩૯૨૦ નોધનો ઉતારો |
| ૩ | ૪૨ | હેન્ડ રાઈટીંગ એકસપર્ટનો રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૪ | ૪૩ | વીલ |
| ૫ | ૪૪ | તામીલ નં. ૨/૨૦ ના કામેનું વોરંટ |
| ૬ | ૬૫ | અસલ વીલ મેળવવા માટેનું ઝડતી પંચનામું |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | |
| | | |

**(સી) કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:**

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | | – |

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના ફરીયાદી કનૈયાલાલ ચત્રભુજ ઠકકર નાઓએ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ એકસંપ કરી ફરીયાદીના કાકા સ્વ. શ્રી મહેન્દ્ ટોકરશી ઠકકર નું ખોટું વીલ ઉભું કરી અને તે કિંમતી દસ્તાવેજના આધારે સદર મિલ્કતમાં આરોપી નં. ૧ નું નામ દાખલ કરાવેલ તેમજ ખોટા ફોર્જ દસ્તાવેજને પોતાના કબજામાં રાખી અને તેનો સાચા તરીકે ઉપયોગ કરી તેમજ દસ્તાવેજમાં જણાવેલ ફરીયાદીની મિલ્કત પડાવી લઈ તેમજ પંચાયતના ખોટા સીકકાનો ઉપયોગ કરી ખોટી કરવેરા પહોંચો ઉભી કરી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૩,૪૬૭, ૪૬૮,૪૭૨, ૪૭૪, ૪૭૫, ૧૨૦(બી) મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે.ફરીયાદીએ ઉપરોકત ફરીયાદ દાખલ કરતાં સદર ફરીયાદ અંગે ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૨૦૨ અન્વયે પોલીસ તપાસમાં મોકલવાનો હુકમ કરવામાં આવેલ.ત્યારબાદ હાલના કામે ત.ક.અ.શ્રી ધ્વારા રીપોર્ટ કરતાં સદર કામે આરોપીઓ વિરુધ્ધ પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો હોય આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬, ૪૨૩,૪૬૭,૪૬૮, ૪૭૧,

૪૭૨, ૪૭૪,૪૭૫,૧૨૦-બી મુજબના ગુનાનું સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામે ચાર્જ અંગેનો પુરાવો નોંધી આંક-૬૯ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આરોપીઓની આંક-૭૦ થી ૭૩ સુધી પ્લી રેકર્ડ કરતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે, આથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી નં. ૩ નું મૃત્યુનું પ્રમાણપત્ર આંક-૬૨ થી તેમજ આરોપી નં. ૨ નો મરણનો દાખલો આંક-૮૪ થી રજુ થયેલ પુરશીશી સાથે રજુ થયેલ છે જેથી તેઓના વિરુધ્ધનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઇન્કાર કરી, તેઓ સોગંદ પર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમજ વિશેષમાં કાંઇ કહેવું છે તેવા સવાલના જવાબમાં તેઓ નિર્દોષ વ્યકિત છે તેઓએ આવો કહેવાતો ગુનો કરેલ નથી તેમ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે આંક-૯૨ થી લેખીત દલીલો રજુ કરી જણાવેલ છે કે, ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન પોતાની ફરીયાદની વિગતોને સંપુર્ણપણે સમર્થન આપેલ છે, જયારે વિવાદીત વીલ જે નોટરી રુબરુ થયેલ હોવાનું બચાવપક્ષ જણાવે છે તે નોટરીને ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ આવું કોઇ પણ વીલ તેમની સમક્ષ નોંધાયેલ નથી તેમ જણાવેલ છે. તેવી જ રીતે ફરીયાદપક્ષે એ.એસ.આઇ. શ્રી વરચંદભાઇ કે જેમેને સૌપ્રથમ ઇન્કવયારી સોપવામાં આવેલ હતી તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ ઇન્કવાયરી દરમ્યાન વિવાદીત વીલ આરોપી નં. ૧,૨ પાસે માંગતાં આરોપી નં. ૧,૨ એ વિવાદીત વીલ તેમને આપેલ નહીં અને તેની માત્ર નકલ આપેલ હતી એવું સ્પષ્ટ જણાવેલ છે. અંતે ફરીયાદીએ પોતાની દલીલોમાં જણાવેલ

છે કે બચાવપક્ષ ધ્વારા ફરીયાદી તથા સાહેદોની જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તે ઉલટ તપાસમાં ફરીયાદ વિરુધ્ધની કોઇ હકીકતો કે જે આરોપીઓને લાભ પહોંચાડતી હોય તેવી હકીકતો રેકર્ડ પર લાવી શકેલ નથી અને જેથી ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે,આ કામના વીલ કરનાર તેવા મહેન્દ્ર ટોકરશી ઠકકર નાઓ પોતે અપરણીત તથા નિ:સંતાન ગુજરી ગયેલ છે અને તેઓ આ કામના આરોપી નં. ૧ સાથે રહેતા હતા જેથી ખોટું વીલ બનાવવાનું કોઇ કારણ ઉપસ્થીત થતું નથી. વીલ કરનાર નોટરીએ ગોળ ગોળ જુબાની આપેલ છે અને ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી સ્પષ્ટ હકીકતો જણાવેલ નથી. જેથી તેમની જુબાનીને આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ કામે જે તે સમયના પી.એસ.આઇ. અગ્રાવલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી અને જે પોલીસ કર્મચારી એટલે કે વીરચંદભાઇ નથુભાઇ પટણીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ સ્વયંમએ કોઇ તપાસ કરેલ નથી. જેથી તેમની જુબાની પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી. આ જે વિવાદીત વીલ છે તેને કોઇ તપાસ કરનાર અધીકારીએ મેળવીને હેન્ડ રાઇટીંગ એક્ષપર્ટને મોકલેલ હોય તેમ બનેલ નથી. તકરારી વીલમાં દર્શાવેલ મીલ્કત ફરીયાદી કે તેમના માતા પિતાના નામે પંચાયતમાં હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર નથી. આમ, ઉપરોકત તમામ આ મુદાઓ ધ્યાને લઇ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમ ઠરાવી આરોપીઓને નિર્દોષ છોડી મુકવા જોઇએ.

(૫) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

**:: મુદા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકસંપ કરી ફરીયાદીના કાકા સ્વ. શ્રી મહેન્દ્ર ટોકરશી ઠકકર નું ખોટું વીલ ઉભું કરી તેના આધારે નલીયામાં આવેલ મિલ્કત નં. ૪/૧/૧૦૯ તથા ૪/૧/૧૦૯ પૈકી ૧ માં આરોપી નં. ૧ નું નામ દાખલ કરાવી તેમજ ખોટા ફોર્જ દસ્તાવેજને પોતાના કબજામાં રાખી અને તેનો સાચા તરીકે ઉપયોગ કરી તેમજ પંચાયતના ખોટા સીકકાનો ઉપયોગ કરી ખોટી કરવેરા પહોંચો ઉભી કરી ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬, ૪૨૩,૪૬૭,૪૬૮, ૪૭૧, ૪૭૨, ૪૭૪,૪૭૫,૧૨૦–બી મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

**<u>–:: નિર્ણયો ::–</u>**

(૧) અંશત: હકારમાં
(૨) આખરી હુકમ મુજબ

**–:: નિર્ણય માટેના કારણો ::–**

**<u>મુદા નં. ૧:–</u>**

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવામાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી પર બેસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત

નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો ન્યાયલય સમક્ષ પડેલ બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તીત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય. હાલના કામે આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૩,૪૬૭,૪૬૮,૪૭૧, ૪૭૨, ૪૭૪,૪૭૫,૧૨૦ (બી) મુજબના ગુનાનો આક્ષેપ હોય સદરહુ કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબના ગુનો સાબિત કરવા ફરીયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. જયારે, ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીઓએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તે પહેલાં કેટલાંક પ્રસ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંત ટાંકવા જરૂરી જણાય છે. જે ધ્યાને લેતાં, ભારતીય ક્રિમિનલ જસ્ટિસ સીસ્ટમ તથા ક્રિમિનલ જયુરિસપ્રુડન્સ મુજબ ફરીયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં ફરીયાદ પક્ષે તેમનો કેસ સીધા પુરાવા કે સાંયોગિક પુરાવાથી સાબિત કરવાનો રહે છે. વધુમાં કોઇપણ દંડાત્મક કાનુનનું અર્થઘટન કરતી વખતે તેને "Strictly Construed" એટલે કે ચુસ્ત અથવા તો ચોકકસાઇ પૂર્વક અર્થધટન કરવાનું રહે છે અને "Litera Legis" એટલે કે કાયદાનું અક્ષરશ: પાલન કરવાનું રહે છે.

ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર એટલે કે Beyond Reasonable Doubt સાબિત કરવાનો રહે છે અને કોઇપણ ભૂલભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે, જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક સામાન્ય માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો

વિચારતાં એવા નિર્ણય પર પહોંચે કે આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે. જે અન્વયે પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે નામદાર સુપ્રિમ કોર્ટ દ્ધારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવાં જોઈએ. જે અન્વયે જયંતિલાલ કુબેરદાસ શર્મા વિ. ગુજરાત રાજ્ય (૨૦૦૭) ૧ જી.એલ.આર. ૯૯ ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે ‘ A Judge does not preside over a criminal trial merely to see that no innocent men punished, a Judge also preside to see that guilty man does not escape. Both are public duty. the proof beyond reasonable doubt is mers guidable and not fetish. Reasonable doubt is not an imaginary, trival, or merely possible doubt, but a fare doubt based upon reason and common sense.’

આમ, રિઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલિત થતો હોવો જોઈએ અને તે કાલ્પનિક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી ફકત શંકા જ નહી પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે આરોપીના ગુનાકીય કૃત્ય માટે ઊભી થયેલ હોવી જોઈએ.

(૯) આ કામે આરોપીઓ સામે આક્ષેપાયેલ ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬, ૪૨૩,૪૬૭, ૪૬૮,૪૭૧ ,૪૭૨,૪૭૪, ૪૭૫, ૧૨૦–બી ની વ્યાખ્યા તેમજ તેના મહત્વના તત્વો હાલના તબકકે ધ્યાને લેવા ખુબ જ મહત્વના હોય જે નીચે મુજબ છે.

**કલમ–૪૦૬ .– ગુન્હાહીત વિશ્વાસઘાત માટે સજાઃ–** કોઈ પણ વ્યકિત, ગુન્હાહિત વિશ્વાસઘાત કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**તત્વોઃ–**

૧. આરોપીને કોઈ મિલકત સોંપવામાં આવી હતી,

૨. આરોપીનો તે મિલકત પર તે મુજબ અધિકાર હતો,

૩. આરોપીએ તે મિલકતની ઉચાપત કરી અથવા તેને પોતાના ઉપયોગમાં લીધી અથવા અન્ય વ્યક્તિને તેના ઉપયોગમાં જાણીબૂજીને લેવા દીધી,

૪. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યું,

૫. આરોપીએ આવું કૃત્ય અમલ કરવાની પદ્ધતિ દર્શાવતા કાનૂની આદેશ વિરુદ્ધ કર્યું અથવા કોઈ ટ્રસ્ટની મિલકત હોય ત્યારે તે મિલકતને લગતા સ્પષ્ટ અથવા કોઈ ગર્ભિત કાનૂની કરારના આદેશનું ઉલ્લંઘન કરીને આરોપીએ આવું કૃત્ય કર્યું,

**૪૨૩. અવેજ અંગે ખોટા કથનવાળું તબદીલીખત અપ્રમાણિકપણે અથવા કપટથી કરી આપવું. :–**કોઈ પણ વ્યક્તિ, કોઈ ખત અથવા લેખથી કોઈ મિલકત અથવા તે માહેંનું કોઈ હિત તબદીલ થયાનું અથવા કોઈ બોજાને આધીન થયાનું ખૂલવા પામતું હોય અને કોઈ ખત કે લેખમાં, તબદીલી કે બોજાના અવેજ સંબંધી અથવા જે વ્યક્તિ કે વ્યક્તિઓના ઉપયોગ કે લાભ માટે તેનો અમલ કરવાનો ખરેખર ઈરાદો હોય તેના સંબંધી ખોટું કથન હોય તેવા ખત કે લેખમાં અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક સહિ કરે કે ખત કે લેખ કરી આપે અથવા તેમાં પક્ષકાર બને, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**તત્વો:–**

૧. આરોપીએ ખોટું કથન જેમાં હોય તેવા ખત અથવા લેખમાં સહી કરી કે તેવું ખત અથવા લેખ કરી આપ્યા અથવા તેમાં પક્ષકાર બન્યા,

૨. આવો લેખ અથવા ખત તબદીલી અંગેનો હતો અથવા મિલકતના બોજાના અવેજ સંબંધી હતો,

૩. આવા લેખ અથવા ખતમાં અવેજ અંગે ખોટું કથન કરવામાં આવ્યું હતું અથવા જે વ્યક્તિ કે વ્યક્તિઓના ઉપયોગ અથવા લાભ માટે

તેનો અમલ કરવાનો વાસ્તવમાં ઈરાદો હોય તે સબંધી ખોટું કથન તેમાં કરવામાં આવ્યું હતું,

૪. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક કર્યું.

**કલમ-૪૬૭:-કીમતી જામીનગીરી, વસિયતનામું વગેરેનું કૂટલેખન.:-**

કોઈ પણ વ્યક્તિ, કોઈ કીમતી જાનીનગીરી અથવા વસિયતનામું અથવા પુત્ર દત્તક લેવાનો અધિકારપત્ર હોવાનું જણાતું હોય તેવો દસ્તાવેજ અથવા કોઈ કીમતી જામીનગીરી બનાવવાનો અથવા તેને તબદીલ કરવાનો અથવા મુદ્દલ રકમ, તેનું વ્યાજ કે ડિવીડન્ડ સ્વીકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનું જણાતું હોય તેવા દસ્તાવેજની અથવા જે નાણાં મળવાની પહોંચ અથવા પાવતી અથવા કોઈ વસ્તુ કે કીમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનું જણાતું હોય તેવા દસ્તાવેજની બનાવટ કરે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**તત્વો:-**

૧. કલમ ૪૬૩ તથા કલમ ૪૬૪નાં તત્ત્વો હોય તે પ્રથમ આવશ્યકતા છે,

આમ કે જયારે એવું સ્પષ્ટ છે કે ફરીયાદપક્ષે આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ ૪૬૭ નું તહોમત પુરવાર કરવા માટે સૌપ્રથમ ઇ.પી.કો. કલમ ૪૬૩ તથા ઇ.પી.કો. કલમ ૪૬૪ ના તત્વો પુરવાર કરવા પડે ત્યારે હાલના તબકકે ઇ.પી.કો. કલમ ૪૬૩ તથા ઇ.પી.કો. કલમ ૪૬૪ ના તત્વોની પણ હાલે ચર્ચા કરી લેવી યોગ્ય જણાઇ આવે છે જે નીચે મુજબ છે-

**<u>કલમ ૪૬૩:- બનાવટી દસ્તાવેજ બનાવવો (કૂટલેખન).:-</u>**

કોઈ પણ વ્યક્તિ, જનતાને અથવા કોઈ વ્યક્તિને નુકસાન કરવાના અથવા હાનિ પહોંચાડવાના અથવા કોઈ દાવા કે હક્કનું સમર્થન કરવાના અથવા કોઈ વ્યક્તિ કોઈ મિલકત આપી દે તેવું

કરવાના અથવા તેની પાસે કોઈ સ્પષ્ટ કે ગર્ભિત કરાર કરાવવાના ઈરાદાથી અથવા કપટ કરવાના અથવા કપટ કરવામાં આવે તેવા ઈરાદાથી કોઈ બનાવટી દસ્તાવેજ અથવા કોઈ દસ્તાવેજનો ભાગ બનાવે તે બનાવટી દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે છે.

**કલમ ૪૬૪:- ખોટો દસ્તાવેજ બનાવવો:-**

**પહેલું** – કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજનો કોઈ ભાગ જે વ્યક્તિએ અથવા જે વ્યક્તિના અધિકારથી બનાવ્યો નથી, તેના પર સહિ કરી નથી, તેના પર સિક્કો માર્યો નથી કે તે કરી આપ્યો નથી તેવું જાણતી હોય તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિના અધિકારથી તે બનાવ્યો છે, તેના પર સહિ કરી છે, તેના પર સિક્કો માર્યો છે કે તે કરી આપ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથી અથવા જે સમયે તે થયો નથી, તેમાં સહિ થઈ નથી, તેના પર સિક્કો માર્યો નથી કે તે કરી આપવામાં આવ્યો નથી, તે સમયે તે થયો છે, તેમાં સહિ થઈ છે, તેના પર સિક્કો માર્યો છે કે તે કરી આપવામાં આવ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથી અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક તે દસ્તાવેજનો કોઈ ભાગ બનાવે, તેમાં સહિ કરે, તેના પર સિક્કો મારે કે તે કરી આપે અથવા તે દસ્તાવેજ કરી આપવામાં આવ્યો છે તેવું દર્શાવતી નિશાની કરે; અથવા

**બીજું** – પોતે અથવા અન્ય કોઈ વ્યક્તિએ અમુક દસ્તાવેજ બનાવ્યા બાદ કે તે કરી આપ્યા બાદ કાનૂની અધિકાર વગર અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક રદ કરીને કે અન્ય રીતે તે દસ્તાવેજના મહત્ત્વના ભાગમાં ફેરફાર કરે, પછી ભલે તે અન્ય વ્યક્તિ દસ્તાવેજમાં એવો ફેરફાર કરવા સમયે હયાત હોય કે હયાત ન હોય; અથવા

**ત્રીજું** – કોઈ વ્યક્તિ મગજની અસ્થિરતા કે નશાના કારણે અમુક દસ્તાવેજમાં શું વિગતો છે અથવા તેમાં કેવા પ્રકારનો ફેરફાર થાય છે તે જાણી શકે તેમ નથી અથવા તે વ્યક્તિની સાથે છેતરપિંડી થઈ હોવાના કારણો જાણતી નથી તેવું પોતે જાણવા છતાં તેની

પાસે અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક તે દસ્તાવેજ પર સહિ કરાવે, સિક્કો મરાવે, તે દસ્તાવેજ કરાવી લે કે તેમાં ફેરફાર કરાવે તેણે ખોટો દસ્તાવેજ બનાવ્યો કહેવાય.

૨. જે દસ્તાવેજોની બનાવટ કરવામાં આવી હોય તે દસ્તાવેજ (૧) કીમતી જામીનગીરી, (૨) વસીયતનામું, (૩) પુત્ર દત્તક લેવાનો અધિકાર, (૪) અથવા કોઈ વ્યક્તિની કીમતી જામીનગીરી તબદિલ કરવાનો અધિકાર અથવા કોઈ વ્યક્તિને કીમતી જામીનગીરી પર મુખ્ય રકમ વ્યાજ કે ડીવીડન્ડ સ્વીકારવાનો અધિકાર અથવા કોઈ વ્યક્તિની કોઈ જંગમ મિલકત અથવા કીમતી જામીનગીરી કે નાણાં સ્વીકારવાનો કે આપવાનો અધિકાર અથવા રકમ મળી હોય તેની પહોંચ આપવાનો અધિકાર અથવા કોઈ જંગમ મિલકત કે કીમતી જામીનગીરી મળી ગઈ હોવાની પહોંચ આપવાનો અધિકાર આપવામાં આવ્યો હોય તેવો દસ્તાવેજ હોવો જોઈએ.

**કલમ-૪૬૮:- ઠગાઈ માટે કુટલેખન :-** કોઈ પણ વ્યક્તિ, કોઈ કૂટલેખિત દસ્તાવેજનો ઠગાઈ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે તેવા ઈરાદાથી તેવો કૂટલેખિત દસ્તાવેજ બનાવે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**તત્વો :-**

૧. સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો,

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલો હતો,

૩. બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપીનો ઠગાઈ કરવાનો ઈરાદો હતો.

**કલમ-૪૭૧:- બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવો. :-**કોઈ પણ વ્યક્તિ, કોઈ દસ્તાવેજ કૂટલેખિત હોવાનું પોતે જાણતી હોય

અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરે તેણે પોતે તે દસ્તાવેજનું કૂટલેખન કરવાનો ગુન્હો કર્યો હોય તેમ ગણીને તે રીતે સજા કરવામાં આવશે.

**તત્વો :–**

૧. સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો,

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, અથવા ૨.

૩. આરોપી જાણતા હતાં અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે,

૪. આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો,

૫. આરોપીએ આવું કૃત્ય કપટ કરવાનાં ઈરાદાથી અપ્રમાણિકપણે કર્યુ.

**કલમ :– ૪૭૨. કલમ ૪૬૭ હેઠળ સજાપાત્ર કૂટલેખન કરવાના ઈરાદાથી બનાવટી મુદ્રા બનાવવી અથવા કબજે રાખવી.:–**કોઈ પણ વ્યક્તિ, આ સંહિતાની કલમ ૪૬૭ હેઠળ સજાને પાત્ર ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરવા માટે કોઈ સીલ, પ્લેટ અથવા છાપ પાડવાનાં અન્ય સાધનનો ઉપયોગ કરવામાં આવશે તેવા ઈરાદાથી તે બનાવે કે તેની બનાવટ કરે અથવા તેવા ઈરાદાથી તેવું સીલ, પ્લેટ અથવા અન્ય સાધન તે બનાવટી હોવાનું જાણવા છતાં પોતાના કબજામાં રાખે તેને આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**તત્વો :–**

૧. આરોપીએ કોઈ સીલ, પ્લેટ, છાપ પાડવાનું સાધન બનાવ્યું અથવા તેની બનાવટ કરી,

૨. અથવા, તેવું સાધન વગેરે બનાવટી હોવાનું જાણવા છતાં પોતાના કબજામાં રાખ્યું,

૩. બનાવટી દસ્તાવેજનો ગુન્હો કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવશે તેવા ઈરાદાથી તેવું સીલ વગેરે રાખ્યું હતું,

૪. આવો દસ્તાવેજ કે જે સંબંધમાં આવું સીલ વગેરે રાખેલાં હોય તે આ સંહિતાની કલમ ૪૬૭ મુજબનો હતો.

**કલમ ૪૭૪:– કલમ ૪૬૬ અથવા ૪૬૭માં વર્ણવેલો દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં અસલ તરીકે વાપરવાના ઈરાદાથી કબજે રાખવો.:–**

કોઈ પણ વ્યક્તિ, કોઈ દસ્તાવેજ બનાવટી છે તેવું જાણવા છતાં તથા તેનો અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરવામાં આવશે તેવા ઈરાદાથી તે દસ્તાવેજ પોતાના કબજામાં રાખે; જો તે દસ્તાવેજ આ સંહિતાની કલમ ૪૬૬માં જણાવેલાં કોઈ પ્રકારનો હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે; અને જો તે દસ્તાવેજ કલમ ૪૬૭માં જણાવેલાં કોઈ પ્રકારનો હોય તો તેને આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**તત્વો :–**

૧. કલમ ૪૬૫માં દર્શાવ્યા મુજબ સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો,

૨. આ દસ્તાવેજ કે જે બનાવટી હતો તે બનાવટી હોવાનું આરોપીની જાણમાં હતું,

૩. તેમ છતાં, આવો દસ્તાવેજ આરોપીના કબજામાં હતો,

૪. આ દસ્તાવેજનો ઉપયોગ અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક સાચા દસ્તાવેજ તરીકે કરવામાં આવશે તેવા ઈરાદાથી આ દસ્તાવેજ આરોપીએ પોતાનાં કબજામાં રાખ્યો હતો,

૫. આ દસ્તાવેજ કલમ ૪૬૬ અથવા કલમ ૪૬૭માં વર્ણવેલા દસ્તાવેજ પ્રકારનો કોઈ દસ્તાવેજ હતો.

**કલમ ૪૭૫:– કલમ ૪૬૭માં વર્ણવેલા દસ્તાવેજોને પ્રમાણિત કરવા માટે બનાવટી રચના અથવા ચિહ્નો બનાવવા અથવા બનાવટી ચિહ્નોવાળો પદાર્થ રાખવો :–**કોઈ પણ વ્યક્તિ, કોઈ પદાર્થ ઉપર અથવા તેમાં, આ સંહિતાની કલમ ૪૬૭માં વર્ણવેલાં કોઈ દસ્તાવેજ પ્રમાણિત કરવા માટે વપરાતી મુદ્રા અથવા ચિહ્નની બનાવટ એવા ઈરાદાથી કરે કે જે પદાર્થ ઉપર તે દસ્તાવેજની બનાવટ કરી હોય કે હવે પછી કરવાની હોય તે દસ્તાવેજ પ્રમાણિત થયેલો છે તેમ દર્શાવવા માટે તે મુદ્રા અથવા ચિહ્નનો ઉપયોગ કરવામાં આવશે અથવા જે પદાર્થ પર અથવા જે પદાર્થમાં એવી કોઈ મુદ્રા અથવા નિશાનીની બનાવટ કરવામાં આવી હોય તેવો પદાર્થ તેવા ઈરાદાથી પોતાના કબજામાં રાખે તેને આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**તત્વો:–**

૧. આરોપીએ કોઈ દસ્તાવેજ પ્રમાણિત કરવા માટે વપરાતી મુદ્રા કે ચિહ્ન અથવા પદાર્થની બનાવટ કરી,

૨. આવું કૃત્ય આરોપીએ તે દસ્તાવેજ પ્રમાણિત થયેલો છે તેવું દર્શાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવશે તેવી જાણ હોવા છતાં કર્યું,

૩. આ રીતે તે દસ્તાવેજ બનાવટી ઊભો કરવામાં આવ્યો અથવા ત્યારબાદ તે બનાવટી ઊભો કરવામાં આવનાર હતો,

૪. આરોપી તેવા ઈરાદાથી કોઈ મુદ્રા અથવા નિશાની કે પદાર્થનો કબજો ધરાવતા હતાં,

૫. જે સંબંધમાં કૃત્ય કરવામાં આવ્યું હતું તે દસ્તાવેજ કલમ ૪૬૭ મુજબનો હતો.

**૧૨૦–બી. ગુન્હાહિત કાવતરા માટે સજા. :–**

(૧) કોઈ પણ વ્યક્તિ દેહાંતદંડ, આજીવન કેદ અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખત કેદની સજાને પાત્ર ગુન્હો કરવાના

ગુન્હાહિત કાવતરામાં સામેલ હોય અને એવા કાવતરાની સજા માટે આ સંહિતામાં સ્પષ્ટ જોગવાઇ કરવામાં ન આવી હોય ત્યારે એવા ગુન્હામાં મદદગારી કરી હોય તે રીતે સજા કરવામાં આવશે.

(૨) કોઈ પણ વ્યક્તિ ઉપર જણાવ્યા સિવાયનો સજાપાત્ર ગુન્હો કરવા માટેના ગુન્હાહિત કાવતરામાં સામેલ હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**તત્વો :-**

૧. આરોપીએ અન્ય આરોપી કે આરોપીઓ સાથે સહમતિ કરી,
૨. આ કાવતરું ગેરકાનૂની કૃત્ય અથવા એક કાનૂની કૃત્ય ગેરકાનૂની રીતે કરવા માટે અથવા કરાવવા માટે કરવામાં આવ્યું,
૩. જે કૃત્ય કરવા અથવા કરાવવા કાવતરું કરવામાં આવ્યું હોય તે કૃત્ય આ સંહિતા હેઠળ શિક્ષાપાત્ર હોય, અને
૪. આવું કૃત્ય ગુન્હો બનતું હોય ત્યારે એક અથવા વધારે આરોપીઓએ કશુંક કૃત્ય કાવતરાના અનુસંધાને કર્યું હતું.

(૧૦) આ કામે રજુ થયેલ પુરાવાઓનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ ફરીયાદી કનૈયાલાલ ચત્રભુજ ઠકકર ની આંક-૪૧ વાળી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં એવુ જણાઇ આવે છે કે, તેઓએ મિલ્કત નં. ૪/૧/૧૦૯ તથા ૪/૧/૧૦૯ પૈકી ૧ નો ઉલ્લેખ કરતાં આ મીલ્કતો તેમના પિતાજી ચત્રભુજ ટોકરશી ઠકકર અને કાકા મહેન્દ્ર ટોકરશી ઠકકરના નામે આવેલ હોવાનું જણાવેલ છે. તેમજ જણાવેલ છે કે, આ મિલ્કતો સંદર્ભે કોર્ટમાં દાવો ચાલતો હતો જેનો ચૂકાદો તેમના પિતાજી અને કાકા ની તરફેણમાં આવેલ અને જેથી તેમના પિતાજી અને કાકાએ આ મિલ્કતનો કબજો લેવા માટે ૨/૨૦૦૦ નંબરથી નામદાર કોર્ટમાં તામીલ દાખલ કરેલ અને આ દરમ્યાન તેમના પિતાજીનું

અવસાન થતાં કોર્ટે આ મિલ્કતનો કબજો તેમના કાકા એટલે કે મહેન્દ્ર ટોકરશી ઠકકરને પંચનામું અને સહી કરી સોંપી આપેલ. ફરીયાદીએ જણાવ્યા મુજબ તેમના પિતાના અવસાન બાદ તેમના માતાએ આ મિલ્કત નલીયા પંચાયતમાં તેમના નામે ચઢાવવા માટે અરજી કરેલ હતી જે અરજીના આશરે બે માસ બાદ આ કામના આરોપી નં. ૧ એ પણ આ જ મિલ્કતો તેમના નામે ચઢાવવા માટે અરજી કરેલ. ફરીયાદીએ જણાવ્યા મુજબ આ સમયે સામાવાળા નં. ૨ નલીયા પંચાયતના સરપંચ હોય તેઓએ મહેન્દ્ર ટોકરશી ઠકકર એટલે કે ફરીયાદીના કાકાનું ખોટું વીલ બનાવી તેના આધારે આરોપી નં. ૧ ના નામે મિલ્કત કરી દીધેલ છે. ફરીયાદીએ જણાવ્યા મુજબ તેમને વીલ ખોટું હોવાની શંકા થતાં તેઓએ પંચાયત પાસેથી આરોપીઓએ રજુ કરેલ વીલની નકલ મેળવી તેમજ તામીલ નં. ૨/૨૦૦૦ ના કામે રેકર્ડ પર રહેલ બિનતકરારી પંચનામાની નકલો કે જેમાં મહેન્દ્ર ટોકરશી ઠકકરની સહી હતી તે મેળવી હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ જે.કે. કન્સલટેન્સી પાસે મોકલી આપેલ અને હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ જે.કે. કન્સલટેન્સીના રીપોર્ટ મુજબ વીલમાં તથા કોર્ટના પંચનામામાં ફરીયાદીના કાકા મહેન્દ્ર ટોકરશી ઠકકરની સહી મળતી ન આવતાં તેઓએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીએ જે કોઇ આક્ષેપો આરોપીઓ સામે કરેલ છે તેના સમર્થનમાં પોતાની સોગંદ પરની જુબાની દરમ્યાન આંક–૪૨ થી જે.કે. કન્સલટેન્સી કે જે હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટ અને ડોકયુમેન્ટ એકઝામીનરનું કામ કરે છે તેનો રીપોર્ટ, આંક–૪૩ થી ગ્રામ પંચાયતમાંથી મેળવેલ તકરારી વીલ ની ઝેરોક્ષ તથા આંક–૪૪ થી નલીયાના નામ. પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબ નાઓના હુકમના આધારે તા. ૧૭/૧૦/૨૦૧૨ ના રોજનું થયેલ પંચનામું રજુ કરેલ છે.

(૧૧) ફરીયાદપક્ષે આંક–૨૫ થી તપાસવામાં આવેલ નલીયા તલાટી કમ મંત્રી એવા સાહેદ ગઢવી મીનલબેન નારણભાઇ નાઓની સોગંદ પરની જુબાની ધ્યાને લઇએ તો તેઓએ પોતાની સોગંદ પરની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, નલીયા મુકામે લોહાણા ફળીયામાં આવેલ મકાન નં. ૪/૧/૧૦૯ તેમજ ૪/૧/૧૦૯/૧ હાલે

કલાવતીબેન કરસનદાસ ઠક્કર રહેવાસી લોઢીયા ફળીયા, નલીયા ના નામે નોંધાયેલ છે અને તેમના નામની નોંધણી માટે તેઓએ પંચાયતમાં અરજી તથા અરજી સાથે ગુજરનાર શ્રી ઠક્કર મહેન્દ્રકુમાર ઉર્ફે લહેરીલાલ ટોકરશીનું વસીયતનામું રજુ કરેલ હતું જેના અનુસંધાને તા.૩૧/૦૭/૨૦૧૩ ના રોજ પંચાયતના ઠરાવથી આ મકાનો તેમના નામે પંચાયતના રેકર્ડમાં નોંધાયેલ છે.

(૧૨) આમ સાહેદ મીનલબેન નારાણભાઈ ગઢવી કે જેઓ તલાટી કમ મંત્રી છે તેઓની સોગંદપરની જુબાની થી ફરીયાદીએ જણાવેલ હકીકત કે આરોપી નં.૧ એ ગુજરનાર શ્રી ઠક્કર મહેન્દ્રકુમાર ઉર્ફે લહેરીલાલ ટોકરશીનું વીલ નલીયા પંચાયતમાં રજુ કરેલ હતું અને તે વીલના આધારે આરોપી નં.૧ ના નામે મીલકત નં.૪/૧/૧૦૯ તથા ૪/૧/૧૦૯ પૈકી ૧ થયેલ છે તે હકીકતને સમર્થન મળે છે. તેમજ સાહેદ મિનલબેન નારાણભાઈ ગઢવીના જુબાનીના આધારે એ હકીકતપણ સ્પષ્ટ સાબિત થાય છે કે, આરોપી નં.૧ એ ગુજરનાર શ્રી ઠક્કર મહેન્દ્રકુમાર ઉર્ફે લહેરીલાલ ટોકરશીનું જે વીલ રજુ કરેલ હતુ તે વીલ નલીયા ગ્રામ પંચાયતમાં ઉપલબ્ધ હતુ અને જેથી ફરીયાદીએ વીલની નકલ પંચાયતમાંથી મેળવી હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટને મોકલેલ હતું.

આ તબક્કે અહીં એ બાબત પણ ધ્યાને લેવી જરૂરી છે કે,આ સાહેદ મીનલબેન નારણભાઈ ગઢવીની જુબાની ધ્વારા ખોટું વીલ બનાવવા પાછળનો હેતુ જે મિલ્કત આરોપી નં. ૧ ના નામે કરવાનો છે તે સામે આવે છે અને તેવી રીતે આ સાહેદની જુબાની ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૮ પ્રમાણે આ કેસમાં ખુબ જ મહત્વની અને પ્રસ્તુત જણાઈ આવે છે.

(૧૩) આમ કે જયારે ફરીયાદીનો એવો આક્ષેપ છે કે,આરોપી નં.૧ નાઓએ નલીયા પંચયતમાં ગુજરનાર મહેન્દ્રકુમાર ટોકરશી ઠક્કરનાઓનું જે વીલ રજુ કરેલ છે તેમાં ગુજરનાર મહેન્દ્રકુમાર ટોકરશી ઠક્કર નાઓની વીલ કર્તા તરીકે સહી નથી અને આરોપીઓ ધ્વારા આ ખોટું વીલ ઉભું

કરવામાં આવેલ છે.ત્યારે આ અસલ વીલ કોના કબજામાં છે અને અસલ વીલ બાબતે આરોપીઓએ ટ્રાયલ દરમ્યાન શુ હકીકતો સ્વીકારેલ છે તે બાબતે રેકર્ડ ઉપર આવેલ પુરાવાની ચર્ચા કરવી ખુબજ જરૂરી બની રહે છે. રેકર્ડ પર રહેલ પુરાવો ધ્યાને લઈએ તો સાહેદ મિનલબેન નારાણભાઈ ગઢવીની આંક-૨૫ વાળી સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, આંક-૪૩ થી રજુ થયેલ વીલની નકલ રજુ થતાં તેના આધારે તા.૩૧/૦૭/૨૦૧૩ ના રોજ પંચાયતમાં બહુમતીથી ઠરાવ થયેલ હતો અને તે ઠરાવના આધારે નલીયા મુકામે લોહાણા ફળીયામાં આવેલ મકાન નં.૪/૧/૧૦૯ તેમજ ૪/૧/૧૦૯/૧ વાળા આરોપી નં.૧ કલાવંતીબેન કરશનભાઇ ઠકકરના નામે ચઢાવવામાં આવેલ હતા.આ તબકકે અહી એ હકીકત પણ નોધવી ખુબજ જરૂરી બની રહે છે કે બચાવપક્ષના વિ.વ.શ્રીએ આંક-૪૩ થી રજુ થયેલ આ વીલને ફરીયાદી કે આ સાહેદની ઉલટ તપાસ દરમ્યાન કોઈ જગ્યાએ ખોટુ જણાવેલ નથી કે, આ વીલના આધારે આરોપી નં.૧ નું નામ નલીયા ગ્રામ પંચાયતમાં આવેલ મકાન નં. ૪/૧/૧૦૯ તેમજ ૪/૧/૧૦૯/૧ ના રેવન્યું રેકર્ડમાં દાખલ થયેલ હોવાથી ઈન્કાર કરેલ નથી.

(૧૩.૧) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૬૪ થી તપાસવામાં આવેલ પોલીસ કર્મચારી વીરંચદભાઈ નથુભાઈ પટણી નાઓની સોગંદપરની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ જણાવેલ છે કે, આ કામે કોર્ટ ધ્વારા તેમને ફોજદારી કાર્યરીરીત સંહીતાની કલમ ૨૦૨ હેઠળની ઈન્કવાયરીની તપાસ સોપવામાં આવેલી અને આ તપાસ દરમ્યાન તેઓએ ફરીયાદી તેમજ જણાવેલ આરોપીઓના નિવેદન લીધેલ અને તપાસ દરમ્યાન અસલ વીલની માંગણી કરતાં સતીષભાઈ કરશનદાસ ઠકકરે વીલની નકલ રજુ કરેલ જે તપાસ કામે કબજે કરેલ.આ વીલની અસલ કોપી આરોપીનં.૨ પાસેથી માંગતા તેઓએ જણાવેલ કે તેઓની બેન કલાવતી કરશનદાસ ઠકકર (આરોપી નં. ૧) ની તબીયત સારી નથી તેથી તેઓ પાછળથી આપી દેશે અને પાછળથી તેઓએ અસલ વીલ આપેલ નહી. આ સાહેદની સોગંદપરની જુબાની દરમ્યાન એવી હકીકત રેકર્ડ પર આવેલ

છે કે, અસલ તકરારી વીલ આરોપીઓના કબજામાં હોવા છતા તેઓએ તપાસ દરમ્યાન તે વીલ પોલીસ અધિકારીને સોપેલ નથી.અહીં એ હકીકત પણ નોંધવી જરૂરી છે કે આરોપીઓના વિધ્વાન વકીલશ્રીએ આ સાહેદની ઉલટ તપાસ દરમ્યાન અસલ વીલ આરોપીઓ પાસે હોવા બાબતે કોઇ ઇન્કાર કરેલ નથી.

આમ, આંક-૪૩ થી જે વીલની નકલ રજુ થયેલ છે તે અસલ વીલ આરોપીઓના કબજામાં છે અને આરોપી નં. ૧ એ તે અસલ વીલની નકલનો ઉપયોગ નલીયા ગ્રામ પંચાયતના મકાન નં. ૪/૧/૧૦૯ તેમજ ૪/૧/૧૦૯/૧ પોતાના નામે ચડાવા માટે કરેલ હતો એ હકીકત અહી સ્પષ્ટ પુરવાર થાય છે.

(૧૪) હાલના કામે આંક-૪૩ થી જે વીલની નકલ રજુ થયેલ છે તે જોતા એવુ જણાઇ આવે છે કે, આ વીલ તા.૨૦/૦૩/૨૦૧૨ના રોજ નલીયા મુકામે નોટરી તરીકે સેવા આપતા બી.બી.જાડેજા સમક્ષ સીરીયલ નંબર ૩૯૨૦/૨૦૧૨થી નોંધાયેલ છે. જેથી ખરેખરમા આવા કોઇ વીલની નોંધણી આ નોટરી રૂબરૂ થયેલ છે કે કેમ તે બાબતની હકિકતો રેકર્ડ પર લાવવા સારૂ ફરીયાદપક્ષે આંક-૨૨ થી નોટરી એડવોકેટ બટુકસિંહ ભગતસિંહ જાડેજા નાઓને સાહેદ તરીકે સોગંદપર ઉપર તપાસવામા આવેલ છે જેઓએ પોતાની સોગદ ઉપર જુબાની દરમ્યાન સને ૨૦૧૨નું નોટરીનું અસલ રજીસ્ટર કોર્ટમાં પોતાની સાથે લઈ આવી તા.૨૦/૦૩/૨૦૧૨ ના રોજ આંક-૪૩ વાળા તકરારી વીલની કોઈ નોધણી તેમની રૂબરૂમાં થયેલ નથી તેવી હકીકતો જણાવેલ છે. આ સાહેદના જણાવ્યા મુજબ તા.૨૦/૦૩/૨૦૧૨ ના રોજ નોટરી રજીસ્ટરના અનુક્રમ નં.૧૦૦૫ થી ૧૦૨૬ સુધી જે દસ્તાવેજોની નોધણી થયેલ છે તેમા કયાંય પણ કોઈ વીલની નોધણી થયેલ નથી. આ સાહેદે આથી વિશેષ વધુ સ્પષ્ટતા સાથે સોગંદપર જણાવેલ છે કે અનુક્રમ નં.૩૯૨૦/૧૨ થી પણ આવા કોઈ વીલ એટલે કે તકરારી વીલની નોંધણી થયેલ નથી. આ સાહેદે જણાવેલ છે કે, અનુક્રમ નં.૩૯૨૦/૧૨ થી જે દસ્તાવેજ નોધાયેલ છે તે મામદ તમાચી આમદ નામના વ્યકિત

રહે.કડુલી,તા.અબડાસા નું વીજ કનેકશન માટે કરવામાં આવેલ કબુલાતનામું છે. આ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોને સમર્થન આપવા સારુ અસલ રજીસ્ટર પરથી તારીખ ૨૦/૦૩/૨૦૧૨ ના રોજ નોંધાયેલ સંબંધીત નોંધ નં. ૧૦૦૫ થી ૧૦૨૬ ની ખરી નકલ આંક-૨૩ થી રજુ કરેલ છે અને અનુક્રમ નં. ૩૯૨૦ નોંધનો ઉતારો આંક-૨૪ થી રજુ કરેલ છે. આ દસ્તાવેજો પણ વંચાણે લેતા એવુ સ્પષ્ટ પુરવાર થાય છે કે આ સાહેદ સમક્ષ તા.૨૦/૦૩/૨૦૧૨ ના રોજ ગુજરનાર મહેન્દ્રકુમાર ટોકરશી ઠકકરનું વીલ નોધાયેલ નથી.

આમ, આરોપીઓ પાસે રહેલ વીલ કે જેની નકલ આંક-૪૩ થી આ કામે રજુ થયેલ છે તેવું કોઇ વીલ સાહેદ નોટરી બટુકસિંહ ભગતસિંહ જાડેજા સમક્ષ નોંધાયેલ નથી તે હકીકત આ સાહેદે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી સાબીત થાય છે.

(૧૫) બચાવપક્ષની દલીલો ગ્રાહય ન રાખવાના કારણો :-

આ કામે ફરીયાદી તરફે આંક-૪૨ થી જે.કે.કન્સલટન્સી (હેન્ડ રાઇટીંગ એક્ષપર્ટ એન્ડ ડોકયુમેન્ટ એકઝામીનર) નો રીપોર્ટ રજુ થયેલ છે, તે એક પ્રાઇવેટ કન્સલટન્સી છે અને આ રીપોર્ટમાં જણાવેલ હકીકતોને પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રીપોર્ટ તૈયાર કરનાર હેન્ડ રાઇટીંગ એક્ષપર્ટને હાલના કામે તપાસેલ નથી ત્યારે આ હેન્ડ રાઇટીંગ એક્ષપર્ટના રીપોર્ટનું મહત્વ પુરાવા સ્વરૂપે ધટી જાય છે. પરંતુ, જયારે આરોપીઓ પોતે આંક-૪૩ વાળા તકરારી વીલથી અને તેમાં રહેલ સાક્ષીઓ તરીકેની સહીઓથી ઇન્કાર કરતા નથી અને ફરીયાદપક્ષે આંક-૨૨ થી તપાસવામાં આવેલ નોટરી એડવોકેટ તકરારી વીલ તેમના સમક્ષ નોંધાયેલ હોવાથી ઇન્કાર કરે છે અને તેઓએ જણાવેલ સોગંદ પરની હકીકતોના સમર્થનમાં આંક-૨૩ તથા આંક-૨૪ થી દસ્તાવેજી પુરાવાઓ સ્વરૂપ નોટરી રજીસ્ટર રજુ કરે છે ત્યારે આ વીલ ખોટું ઉભું કરવામાં આવેલ છે તે હકકીત સ્પષ્ટ પુરવાર થાય છે.

અહીં એ નોધવું જરૂરી છે કે, ગુજરાતમાં નોટરીની નિમણુંક નોટરી એકટ ૧૯૫૨ હેઠળ કરવામાં આવે છે અને તેમની મુખ્ય ભુમીકા તેમની સમક્ષ રજુ થતા દસ્તાવેજોની અધીકૃતતા ચકાસવાની અને દસ્તાવેજોના માધ્યમથી થતી છેતરપીંડી અટકાવવાની છે. તેમની સમક્ષ કયો દસ્તાવેજ કયા દિવસે અને કયા સમયે થયો તેનો પાકો એટલે કે ચોકકસ રેકોર્ડ તે હેતુસર નોટરી રૂલ હેઠળ તેમના ધ્વારા રજીસ્ટર નિભાવવામાં આવે છે અને જેથી નોટરીને એક તટસ્થ સાક્ષી ગણી તેઓ ધ્વારા રજુ થયેલ દસ્તાવેજોને ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૮૫ મુજબ પુરાવામાં ગ્રાહય રાખવામાં આવે છે. આમ, આ હકકીતો ધ્યાને લેતાં આ કેસમાં નોટરી એડવોકેટ સાહેદ બટુકસિંહ ભગતસિંહ જાડેજા નાઓની જુબાની ખુબ જ મહત્વ ધરાવે છે અને જયારે તેઓ પુરાવા સ્વરૂપે તેમની મૌખિક જુબાની સાથે સાથે નોટરી રજીસ્ટર રજુ કરી કોર્ટ રુબરુ જણાવે છે કે આંક–૪૩ વાળા વીલની નોંધણી તેમની સમક્ષ થયેલ નથી ત્યારે બચાવપક્ષની કોઇ પણ દલીલો ગ્રાહય રાખવી યોગ્ય નથી.

(૧૬) આમ, રેકર્ડ પર રહેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના મુલ્યાંકન અંતે આ કામના આરોપીઓએ ભેગા મળીને ગુજરનાર મહેન્દ્ર ટોકરશી ઠકકર નાઓનું ખોટું યાને કે બનાવટી વીલ ઉભું કરી તેનો ઉપયોગ કરી નલીયા મુકામે આવેલ મકાન નં. ૪/૧/૧૦૯ તથા ૪/૧/૧૦૯ પૈકી ૧ આરોપી નં. ૧ ના નામે રેવન્યુ રેકર્ડે ચઢાવેલ છે અને તેમ કરી આરોપીઓએ ગુજરનાર ઠકકર મહેન્દ્ર ટોકરશી ઠકકરના વારસો તથા ગ્રામ પંચાયત સાથે ઠગાઇ તેમજ કપટ કરેલ છે, જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ ૪૬૭,૪૬૮,૪૭૧,૪૭૪ તથા ૧૨૦-બી ના તત્વો પુરવાર કરવામાં સફળ નિવડેલ છે તેમ ઠરાવવામાં આવે છે. પરંતુ, જયારે ફરીયાદપક્ષે એવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી કે જેના આધારે તેવું માની શકાય કે આરોપીઓએ પંચાયતના ખોટા સીકકાઓનો ઉપયોગ કરી ખોટી કરવેરા પહોંચો ઉભી કરેલ છે, ત્યારે તેમજ જયારે આરોપીઓને કોઇ મિલ્કત સોંપવામાં આવેલી હોય અને તે મિલકતની

આરોપીઓએ ઉચાપત કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી ત્યારે ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬,૪૨૩,૪૭૨,૪૭૫ ના તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેમ ઠરાવતાં મુદા નં. ૧ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

અંતે ફોજદારી કાર્યરીરીત સંહીતાની કલમ–૨૪૮ (૨) અન્વયે આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહીતાની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪ તથા કલમ ૧૨૦–બી ના ગુન્હાના સબબ સજા માટે સાંભળવા હાલનું કામ મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૧ લી માહે મે,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬
નલીયા–કચ્છ.

**(કે.આર. ગોહેલ)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નલીયા–કચ્છ.
કોડ : ૦૧૧૬૨

**સજા અંગે સાંભળ્યા:–**

(૧૭) હાલના કામે સૌ પ્રથમ બચાવપક્ષ ના વિ.વકીલશ્રીને સાંભળતા તેઓએ આરોપી નં. ૧ વૃધ્ધાઅવસ્થાના અને આશરે ૮૫ વર્ષથી વધુ ઉમરના સ્ત્રી છે,તેમની આગળ પાછળ કોઇ નથી.આરોપી નં. ૪ અને ૫ તેઓ સમાજના સન્માનીત વર્ગના અને વેપારી વર્ગના વ્યકિતઓ છે. આ ત્રણેયનો કોઇ ગુન્હાહિત ઈતિહાસ નથી. આરોપી નં. ૪ તથા ૫ ઉપર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી રહેલ છે. અને . જેથી આ તમામ સંજોગો ધ્યાને લઇ પ્રોબેશનનો લાભ આપવા માટે અરજ ગુજારેલ છે.

(૧૮) જયારે ફરીયાદપક્ષે દલીલો કરતા જણાવેલ છે કે, આરોપીઓએ ભેગા મળી કાવતરું રચી ખોટું વીલ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે જેથી આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવી જોઇએ.

(૧૯) બન્ને પક્ષોની દલીલો ધ્યાને લીધી, સમક્ષ રહેલ રેકર્ડ ધ્યાને લીધું. આમ, કે જયારે એવું સ્પષ્ટ સાબિત થયેલ છે કે, આરોપીઓએ મહેન્દ્ર ટોકરશી ઠકકર નું ખોટું વીલ ઉભું કરી તેને પોતાના કબજામાં રાખી તે વીલ ખોટું છે તેમ જાણતા હોવા છતાં તેને સાચા તરીકે ઉપયોગમાં લઇ મહેન્દ્ર ટોકરશી ઠકકર ના વારસો તથા નલીયા પંચાયત સાથે ઠગાઇ તથા કપટ કરેલ છે અને આ વીલનો ઉપયોગ આરોપી નં. ૧ એ અન્ય આરોપીઓ સાથે મળી નલીયા મુકામે આવેલ મિલ્કત નં. ૪/૧/૧૦૯ તથા ૪/૧/૧૦૯ પૈકી ૧ ને પોતાના નામે કરવા માટે કરેલ છે ત્યારે આવા સંજોગોમાં આરોપીઓએ આચરેલ ગુન્હાની ગંભીરતા ધ્યાને લેવી ખુબ જ જરૂરી બની રહે છે અને આવા પ્રકારના ગુન્હાઓને પ્રોત્સાહન ના મળી રહે તેથી બચાવપક્ષે માંગેલ પ્રોબેશનનો લાભ અહીં આપવો યોગ્ય અને ન્યાયોચીત જણાઇ આવતું નથી. અંતે, આરોપી નં. ૧ ની ઉંમર તથા

અન્ય આરોપીઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓએ આચરેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવે છે.

**-:: આખરિ હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી નં. (૧) કલાવંતી કરશનદાસ ઠકકર, (૪) અતુલ વિનોદ ભીંડે, (૫) રવુભા શીવુભા જાડેજા, રહે. તમામ નલીયા,તા.અબડાસા નાઓને સી.આર.પી.સી.ની કલમ-૨૪૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી,

- ભારતીય દંડ સંહીતાની કલમ ૪૬૭ સાથે વંચાણે લેતાં ભારતીય દંડ સંહીતાની કલમ ૧૨૦-બી ના ગુનાના કામે ૩ (ત્રણ) વર્ષની સાદી કેદ તેમજ રૂા. ૧,૦૦૦/-(અંકે રૂા. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ભરવામાં કસુર કરે તો તેઓને વધુ ૩(ત્રણ) માસની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ,

- ભારતીય દંડ સંહીતાની કલમ ૪૬૮ સાથે વંચાણે લેતાં ભારતીય દંડ સંહીતાની કલમ ૧૨૦-બી ના ગુનાના કામે ૩ (ત્રણ) વર્ષની સાદી કેદ તેમજ રૂા. ૧,૦૦૦/-(અંકે રૂા. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ભરવામાં કસુર કરે તો તેઓને વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ,

- ભારતીય દંડ સંહીતાની કલમ ૪૭૧ સાથે વંચાણે લેતાં ભારતીય દંડ સંહીતાની કલમ ૧૨૦-બી ના ગુનાના કામે ૩ (ત્રણ) વર્ષની સાદી કેદ તેમજ રૂા. ૧,૦૦૦/-(અંકે રૂા. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ભરવામાં કસુર કરે તો તેઓને વધુ ૩(ત્રણ) માસની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– ભારતીય દંડ સંહીતાની કલમ ૪૭૪ સાથે વંચાણે લેતાં ભારતીય દંડ સંહીતાની કલમ ૧૨૦–બી ના ગુનાના કામે ૩ (ત્રણ) વર્ષની સાદી કેદ તેમજ રૂા. ૧,૦૦૦/–(અંકે રૂા. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ભરવામાં કસુર કરે તો તેઓને વધુ ૩(ત્રણ) માસની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓને સી.આર.પી.સી. કલમ ૨૪૮(૧) અન્વયે આઇ.પી.સી. કલમ **૪૦૬,૪૨૩,૪૭૨,૪૭૫,** મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓને કરેલ સજા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧ અન્વયે તેઓએ એકી સાથે ભોગવવાની રહેશે, આરોપીઓના બેલ તથા બોન્ડ આથી રદ્દ કરવામાં આવે છે.

(૪) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૦(૨) ધ્યાને લેતાં આ કામના આરોપીઓ જો દંડ ભરવામાં કસુર કરે તો તે અન્વયે કરવામાં આવેલ સજા તેઓએ મુખ્ય સજા ભોગવ્યા બાદ ભોગવવાની રહેશે.

(૫) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ –૪૨૮ અન્વયે આરોપીઓ અગાઉ જેટલા દિવસ જેલમાં રહેલ હોય તે દિવસો આરોપીઓને કરેલ સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીઓને આ હુકમની એક નકલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ કલમ–૩૬૩(૧) મુજબ વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ તા. ૦૧ લી મે સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬
નલીયા–કચ્છ.

**(કે.આર. ગોહેલ)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નલીયા–કચ્છ.
કોડ : ૦૧૧૬૨